# તલોદ નાગરીક બેંકની ચૂંટણીના પરિણામોમાં યુવાનોનો દબદબો, અંતિમ પળો સુધી ઉત્સુકતા

## વ્યક્તિગત ધોરણે થયેલા પ્રચાર થકી ઉમેદવારોએ ચૂંટણી લડી, પાંચ નવા ઉમેદવારોનો બેંકમાં પ્રવેશ

તલોદ, તા. ૨૯

તલોદમાં રવિવારના રોજ નાગરીક બેંકની યોજાયેલી ચૂંટણીમાં આશ્ચર્યજનક પરિણામોમાં યુવાનોનો દબદબો છવાયો હતો. સમી સાંજે જાહેર થયેલા પરિણામોમાં પાંચ નવા ઉમેદવારો વ્યવસ્થાપક કમિટિમાં પ્રવેશ્યા છે. દિવસ દરમ્યાન મુક્ત વાતાવરણમાં યોજાયેલી ચૂંટણીમાં ઉમેદવારોએ કરેલો વ્યક્તિગત ધોરણનો પ્રચાર પ્રસાર સ્પષ્ટ પરિણામમાં દેખાયો હતો. જો કે બેંકના કુલ મતદારો પૈકી પચાસ ટકા જેટલુ મતદાન થયું હતું. જે દિવસના દસ કલાક દરમ્યાન ઈવીએમ મશીનમાં ઉમેરાતુ રહ્યું હતું.

તલોદમાં અત્યંત પ્રતિષ્ઠાભર્યા જંગ રવિવારના રોજ નગરની વ્યાપારી બેંક ગણાતી નાગરીક સહકારી બેંકમાં ચૂંટણી સ્વરૂપે દેખાયો હતો. બેંકના સભાસદો પૈકી આ ચૂંટણીમાં કુલ ૭૬૬૧ મતદારો હતા જેમાં દસ કલાક દરમ્યાન કુલ ૩૮૨૮ જેટલા મતદારોએ ઉમળકાભેર મતદાન કર્યુ હતુ. ઉમેદવારોએ સમગ્ર નગરમાં તથા ઠેકઠેકાણે મતદારોનો વ્યક્તિગત સંપર્ક કરી મત આપવા માટે આકરી મહેનત કરી હતી. રાજ્ય સરકારના સહકારી ક્ષેત્રે આવેલા નવા સુધારા વિધેયક મુજબ યોજાયેલી ચૂંટણીમાં સમગ્ર વ્યવસ્થાપક કમિટીની ચૂંટણી યોજાઈ હતી. જેમાં ૧૨ સામાન્ય વર્ગની બેઠકો માટે ૨૨ ઉમેદવારોએ ઝંપલાવ્યુ હતુ. જ્યારે અનામત એક બેઠક માટે ત્રણ ઉમેદવારો ચૂંટણી લડતા હતા.

રવિવાર સમી સાંજે જાહેર થયેલા પરિણામોમાં સામાન્ય વર્ગમાં યુવાનોનો દબદબો બહાર આવ્યો હતો. જેમાં સાત જુના ઉમેદવારો તેમજ પાંચ નવા ઉમેદવારો વિજેતા ઘોષીત થયા હતા, જ્યારે અનામત બેઠકમાં હીરાભાઈ ધાનેક વિજયી બન્યા હતા. સામાન્ય વર્ગમાં મહેશભાઈ ઉપાધ્યાય, શાંતીલાલ પટેલ, વિપુલભાઈ ગાંધી, પરેશભાઈ શાહ, ભાવિકકુમાર શાહ, અશોકભાઈ મિસ્ત્રી, મહેન્દ્રકુમાર મિસ્ત્રી, કૌશલકુમાર ગજ્જર, જયેશકુમાર શાહ, બંસીધર મહેતા, અરવિંદકુમાર પટેલ તથા મુકેશકુમાર શાહ વિજયી બન્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ચૂંટણીમાં વિજયી થવા અનેક સમીકરણો કામે લગાડાયા હતા. જેમાં અનુભવી ઉમેદવારોની વ્યુહરચના સફળ રહી હતી. છતાં પણ બેંકના વિકાસ અને પ્રગતિ માટે સૌ કમિટી સભ્યો પ્રામાણિક પ્રયાસો હાથ ધરશે તેવો વિશ્વાસ મતદારોએ પોતાના મત દ્વારા રજુ કર્યો હોય તેવું ચિત્ર પરિણામો દ્વારા આવ્યુ હોય તેવું ચર્ચાઈ રહ્યું છે.

## કારખાનું બનાવવા ૫ લાખની માગણી કરનાર સાસરીયા વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર નજીકના સવગઢ માલીવાડમાં રહેતી અને પંચમહાલ જિલ્લાના હાલોલમાં પરણાવેલી પરિણીતા પાસે એગ્રીકલ્ચર કારખાનું બનાવવા પતિ સહિત સાસરીયા દ્વારા રૂા.૫ લાખની માગણી કરી ન લાવે તો તલ્લાક આપવાની ધમકીઓ અપાતી હતી. પરિણીતાને મારઝૂડ કરી જાનથી મારવાની ધમકીઓ અપાતા સોમવારે હિંમતનગરના મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ સહિત સાસરીયા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

મહિલા પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર સવગઢના માલીવાડમાં રહેતી મોબીનાબેનના લગ્ન પંચમહાલ જિલ્લાના હાલોલમાં રહેતા મોયુદી લુહાર સાથે થયા હતા. લગ્નના પાંચેક વર્ષથી મહિલાના પતિ મોયુદી સલામહાજી લુહાર તેમજ તેણીના જેઠજેઠાણી વહેમ રાખી ગાળો બોલી એકબીજાની ચડમણીથી મારઝૂડ કરાવતા હતા. ઉપરાંત મોબીનાબેન પાસે એગ્રીકલ્ચર કારખાનું બનાવવા રૂા.૫ લાખની માગણી કરી અને જો ન લાવે તો તલ્લાક આપવાની ધમકીઓ આપતા હતા.

# પ્રાંતિજમાં ૩૫ જેટલા ઝાડા ઉલટીના કેસ મળી આવતા આરોગ્ય તંત્ર દોડ્યું

## પીવાના પાણીની પાઈપલાઈનમાં ગંદુ પાણી મીકસ થતાં રોગનો ફેલાવો

પ્રાંતિજ, તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ગલેચી ભાગોળ વિસ્તાર વોર્ડ નંબર વિસ્તારમાં આવેલ ઈન્દીરાનગરમાં ઝાડા ઉલટીના કેસો મળી આવતા તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ છે.



૬માં આવેલ ઈન્દીરાનગર વિસ્તારમાં ઝાડા ઉલટીના ૩૫થી પણ વધારે કેસો મળી આવતા તંત્ર ઉંઘમાંથી જાગ્યું.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારમાં આવેલ વોર્ડ નં. ૬ ગલેચી ભાગોળ પાણીની પાઈપ લાઈનમાં ગટરનું પાણી મીક્ષ થવાના કારણે રહીશો દ્વારા પાણી પીવાથી આ વિસ્તારમાં ઘેર ઘેર લોકોને ઝાડા ઉલટી થવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. જયારે ઝાડા ઉલટીનો ભોગ બનેલ દર્દીઓને પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતા જયારે અન્ય દર્દીઓએ પ્રાંતિજ ખાતે ખાનગી દવાખાનાઓમાં આશરો લેવાનો વારો આવ્યો હતો. જયારે પ્રાંતિજ તાલુકાના હેલ્થ ઓફિસર ડોકટર ગૌતમ નાયક તેમની ટીમ સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ટીમ દ્વારા ઘરે ઘરે ચકાસણી કરી દવાઓ પણ આપવામાં આવી હતી જયારે પાણીના નમૂનાઓ પણ લેબોરેટરીમાં ટેસ્ટ માટે મોકલી આપવામાં આવ્યા હતા જયારે પાલિકામાં અવાર નવાર રજુઆત કરવા છતાં કોઈ નિવેડો ના આવતાં આખરે વોર્ડના રહીશોને પરેશાનીઓનો સામનો કરવાનો વારો આવ્યો છે જયારે નગરપાલિકા તંત્ર દ્વારા પણ આળસ ખંખેરી પીવાના પાણીની લાઈનમાં પડેલ ભંગારની તજવીજ પણ હાથ ધરી હતી.



અરવલ્લી જિલ્લાના મેઘરજ ખાતેની પી.સી.એન. હાઈસ્કૂલ સહીત તાલુકાની સમગ્ર હાઈસ્કૂલ તેમજ પ્રાથમિક શાળામાં કેજી-૧ થી ધોરણ-૧૨ સુધીના વિદ્યાર્થી તેમજ વિદ્યાર્થીનીઓને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા સીકલસેલ/થેલેસિમીયા નિવારણ અભિયાન દ્વારા સંખ્યા બંધ બાળકોનું બ્લડ તપાસ કરવામાં આવેલ હતું તે ઉપરની તસવીરમાં નજરે પડે છે. (તસવીર : મુકેશ ડામોર)

# મોડાસા નાગરિક બેંકની ચૂંટણીમાં નાગરિક પેનલે ૧૫ બેઠકોમાંથી ૧૦ બેઠકો કબ્જે કરી

## હરિફ પેનલના ૫ ઉમેદવારો વિજયી

મોડાસા, તા.૨૯

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં નવા સરકારી કાયદા મુજબ સરકારી માળખુ ધરાવતી અને અરવલ્લી જિલ્લામાં પ્રતિષ્ઠા પ્રાણ મોડાસા નાગરિક બેંકની રવિવારે યોજાયેલી ચૂંટણીમાં નાગરિક પેનલે ૧૫ બેઠકોમાંથી ૧૦ બેટકો કબ્જે કરી દબદબો મેળવ્યો હતો જયારે હરિફ પેનલમાંથી ૫ ઉમેદવારો વિજયી બન્યા હતા.

મોડાસા નાગરિક બેંકની ચૂંટણીના પડઘમ વાગતાની સાથે જ મોડાસા શહેરમાં ઉત્તેજના ફેલાઈ હતી. જેમાં મોડાસા નાગરિક બેંકની સત્તા હાંસલ કરવા ૨૭ ઉમેદવારોએ બે પેનલ બનાવી ઉમેદવારી નોંધાવી હતી બંને પેનલ દ્વારા જીતના દાવાઓ કરાયા હતા. રવિવારે યોજાયેલી ચૂંટણીમાં ભારે રસાકસી બાદ ૨૫ બેઠકો માટે ૨૭ ઉમેદવારોએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હતું. રવિવારે યોજાયેલા મતદાનમાં ૫૧૭૭ સભાસદોએ મતાધિકારનો ઉપયોગ કરી પોતાના પસંદગીના ઉમેદવારોને વિજેતા બનાવ્યા હતા. મોડી રાત્રે જાહેર થયેલા પરીણામમાં માજી ચેરમેન કિરીટ શાહની પેનલ સામે નાગરિક પેનલનો ભવ્ય વિજય થયો હતો. જેમાં નાગરિક પેનલે ૧૫ બેઠકોમાંથી ૧૦ બેઠકો કબ્જે કરી હતી. જયારે કિરીટ શાહની પેનલના ૫ ઉમેદવારો વિજેતા બનતાં ૫ બેઠકોથી સંતોષ માનવો પડયો હતો નાગરીક પેનલના ૪ ઉમેદવારો પરાજય થતાં નાગરિક પેનલના ઉમેદવારોએ પરાજીત પેનલના ટેકામાં વિજય સરઘસ નિકાળવાનું મુનાસીબ માન્યું ન હતું. નાગરિક પેનલના ઉમેદવારોએ સામેની પેનલ મજબુત હોવા છતાં ૧૦ જેટલી બેઠકો કબ્જે કરી હોવાથી સંતોષ વ્યકત કર્યો હતો. નાગરિક પેનલના રોહિત પટેલ અને કેતન ત્રિવેદીએ પરિણામો બાદ મોડાસાના નગરજનોને નાગરિક પેનલને વિજેતા બનાવવા બદલ આભાર વ્યકત કર્યો હતો.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

**વિજેતા ઉમેદવારો નાગરીક પેનલ (ઘોડો)**

| નામ | મત |
|---|---|
| અલ્પેશકુમાર ઈંદુલાલ ગાંધી | ૩૫૦૯ |
| અશોકકુમાર કાન્તિલાલ ભાવસાર | ૩૦૩૯ |
| દિપકકુમાર રસીકલાલ શાહ ૩૬૧૧ | |
| હસમુખલાલ અમૃતલાલ શાહ | ૩૫૭૧ |
| કમલેશકુમાર શંકરલાલ પટેલ | ૨૮૫૩ |
| પ્રજ્ઞેનકુમાર વાડીલાલ ગાંધી | ૩૦૫૭ |
| રણધીરકુમાર દિનેશચંદ્ર શુકધર | ૨૮૦૩ |
| વિનોદચંદ્ર કેશવલાલ શાહ | ૨૮૬૪ |
| વિનોદકુમાર બંસીલાલ ભીલ | ૨૫૯૮ |
| મોહિનીબેન દિપકકુમાર ગાંધી (મહિલા) | ૪૧૬૫ |
| **માજી ચેરમેનની પેનલ (હાથી)ના વિજેતા ઉમેદવારો** | |
| કિરીટકુમાર વલ્લભદાસ શાહ | ૩૩૮૧ |
| જયેશકુમાર ગોરધનદાસ ગાંધી ૨૭૭૧ | |
| નૈનેશ હસમુખલાલ શાહ | ૨૯૪૭ |
| પરેશકુમાર અમૃતલાલ શાહ | ૨૯૬૫ |
| સુર્વણાબેન નવીનચંદ્ર શેઠ (મહિલા) | ૩૩૨૦ |


# દિયોલીમાં જમીન બાબતે ઝઘડો થતાં હુમલામાં વૃદ્ધાનું મોત

ઈડર તાલુકાના દિયોલી ગામે રવિવારે સાંજના સુમારે જમીન બાબતે પટેલ અને દલિત પરિવાર વચ્ચે થયેલા ઝઘડામાં પટેલ પરિવારે ભાંભી પરિવારના એક વૃદ્ધા સહિત ત્રણ જણા પર ધારીયુ અને લોખંડની પાઈપથી હુમલો કરતા ત્રણેય જણા ઘવાયા હતા. જેથી તેમને ઈડર સિવિલમાં સારવાર અપાયા બાદ વધુ સારવાર માટે હિંમતનગર સિવિલમાં લવાયા હતા. જ્યાં સોમવારે સારવાર દરમિયાન વૃદ્ધાનું મોત નિપજયુ હતું. જે અંગે ઈડર પોલીસે ૧૦ હુમલાખોરો વિરૂધ્ધ હત્યાનો ગુનો અને એટ્રોસીટી એકટ અંતર્ગત ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દિયોલી ગામની સીમમાં આવેલ સર્વે નં.૨૨૨ની જમીન બાબતે છેલ્લા કેટલાક સમયથી પટેલ અને ભાંભી પરિવાર વચ્ચે અવારનવાર ઝઘડો થતો હતો. દરમિયાન રવિવારે સાંજના સુમારે ભાંભી પરિવાર દ્વારા ખેતરમાં ટ્રેકટર વડે ખેડ કરવામાં આવતી હતી ત્યારે પટેલ પરિવારના પ્રવિણભાઈ હીરાભાઈ પટેલ, જશુભાઈ માધાભાઈ પટેલ, અશ્વિનભાઈ પટેલ, રાકેશભાઈ નરસિંહભાઈ પટેલ, પ્રવિણભાઈ શંકરભાઈ પટેલ તથા તેમના બંને પુત્રો અને બે બાઈક પર આવેલા ચાર શખ્સોએ ખેડ કરતા ટ્રેકટરના ડ્રાઈવર જોડે ઝઘડો કર્યો હતો અને ખેતરમાંથી કાઢી મુકયા હતા.

જેથી દિનેશભાઈ દલાભાઈ ભાંભી, અશોકભાઈ દલાભાઈ ભાંભી અને તેમની માતા દલીબેન દલાભાઈ ભાંભીએ પ્રવિણભાઈ પટેલને કહ્યુ હતું કે તમે અમોને કેમ વારંવાર પરેશાન કરી જમીન વાવવા દેતા નથી, તેવુ કહેતા પટેલ પરિવારના શખ્સો એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો બોલી ધારીયુ, લોખંડની પાઈપ અને લાકડીઓથી હુમલો કરી માર મારવા લાગ્યા હતા. જેથી દલીબેન ભાંભી સહિત ત્રણ જણને ઈજા થઈ હતી. ત્રણેય જણાને સારવાર માટે ઈડર સિવિલમાં લવાયા હતા. જયાં સિવિલ અધિક્ષક ડૉ.ગજેન્દ્રસિંહ ગઢવીએ પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હિંમતનગર સિવિલમાં મોકલી આપ્યા હતા. જયાં સારવાર દરમિયાન સોમવારે ૬૦વર્ષીય વૃદ્ધા દલીબેન દલાભાઈ ભાંભીનું મોત નિપજયુ હતું. બીજી તરફ આ ઘટના અંગે અન્ય ભાંભી પરિવારોમાં જાણ થતાં તેઓએ પટેલ પરિવાર પર રોષ ઠાલવ્યો હતો.

## શબ્દાવલી - ૫૭૭૪



### આડી ચાવી

૧. પાંડવોને ૧૨ વર્ષના વનવાસ પછી એક વર્ષ... કરવો પડ્યો(૫)
૪. છાતી (૨)
૬. કિર્તી (૨)
૭. શ્રીકૃષ્ણના ગરીબ બ્રાહ્મણમિત્ર (૩)
૮. પૈસા, નાણા (૪)
૯. કિનારાનું, છેડાનું (૩)
૧૧. ‘ટળ’ જેવો તુચ્છકારી શબ્દ(૨)
૧૨. મારું, ખાવાની ચીજ (૨)
૧૩. માન્યુ ને હિન્દીમાં...કહેવાય(૨)
૧૪. વાંક, અપરાધ (૨)
૧૫. ‘કરણી’ શબ્દ આડોઅવળો છે (૩)
૧૬. જુઓને જેવો શબ્દ તુકારે(૨)
૧૭. આગ, બળતરા (૨)
૧૮. ઉત્કટ ઇચ્છાવાળુ (૫)
૨૦. ગુનો, વાંક (હિન્દી-ઉર્દૂ શબ્દ) (૨)
(૨૧) પોચુ, કોમળ, મૃદુ (૩)

### ઊભી ચાવી

૧. સે.૨૦ ગાંધીનગરમાં આવેલ સ્વામિનારાયણ પંથનું એક ભવ્ય મંદિર(૫)
૨. ભોંયરું, ભૂગર્ભ (૪)
૩. શ્રાદ્ધમાં કાગડાને... નંખાય (૨)
૪. વદ્યાડવી, મંજૂર કરવી (૩)
૫. ભૂલની માફી માગવી, મિચ્છામી દુકડમ (૫)
૭. સારી કન્યાને સુકન્યા કહેવાય સારા વરને... ના કહેવાય (૩)
૮. ઇચ્છા, મનોરથ (૩)
૧૦. મનોરમ્ય વાતાવરણ (૫)
૧૩. મારી નાખનાર વ્યક્તિના અનુસંધાનમાં (૪)
૧૪. ગુનો કરનાર વ્યક્તિ (૪)
૧૬. યૌવન, યુવાન શરીર (૩)
૧૭. સો હજાર (૨)
૧૯. દારૂની એક જાત (૨)

### શબ્દાવલી ૫૭૭૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) કુરુક્ષેત્ર (૨) આહિર (૪) પાડ (૫) કુરબાની (૯) મફત (૧૧) માખી (૧૨) તામીલનાડુ (૧૪) શારદા (૧૫) ગમગીન (૧૭) રડાર (૧૯) ડીસ (૨૦) આવેશ

**ઊભી ચાવી :-** (૧) કુમકુમ (૨) આડ (૩) રમી (૬) રફતાર (૭) બાતમીદાર (૮) ધામા (૧૦) સ્નાનાગાર (૧૩) ડુમ (૧૪) શાહુડી (૧૬) ગીરવે (૧૮) ડાળી

# બોરીયા દૂધ મંડળીમાં ચેરમેન-વાઈસ ચેરમેનની નિમણુંક

પ્રાંતિજ, તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તાજપુર કુઈ પાસે આવેલ બોરીયા સીતવાડા દુધમંડળીની તાજેતરમાં વાર્ષિક સભા યોજાઈ હતી. જેમાં વાર્ષિક હિસાબનો અહેવાલ ગ્રામજનો આગળ રજુ કર્યો હતો. દરમિયાન મંડળીમાં નવીન ચેરમેન તરીકે રાઠોડ મહેન્દ્રસિંહ દાનસિંહ તેમજ વાઈસ ચેરમેન પી.કે. રાઠોડની વરણી કરતાં દૂધ મંડળીના હોદ્દેદારોએ વધાવી લીધા હતા.

## ખંડેર હાલતમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવ્યુ છે. જેના લીધે હાલ સહેલાણીઓ આ ઠેકાણે બેસવા માટે આવે છે. ચોમાસાના સમયમાં તળાવમાં વરસાદી પાણીનો ભરાવો થતા તળાવની રોનક નખરે છે.જેના લીધે નગરજનોની ભીડ પણ જામે છે. તળાવ વિસ્તારમાં આવતા સહેલાણીઓને ધ્યાને લઈ તંત્ર દ્વારા ફુડકોર્ટ પણનું પણ નિર્માણ કરવામાં આવ્યુ છે. તળાવ વિસ્તારમાં સહેલાણીઓને ખાણી પીણીની યોગ્ય સુવિધા મળી રહે તે માટે ફુડકોર્ટની ૫ દુકાનો બનાવાઈ છે. જેની પાછળ અંદાજિત રૂપિયા ૨૪ લાખનો ખર્ચ થયો છે. પરંતુ દુકાનો બે વર્ષથી તૈયાર હોવાછતા તેનો ઉપયોગ થઈ શકયો નથી. થોડા સમય અગાઉ આ દુકાનો ભાડા પેટે ફાળવવા ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવી હતી.પરંતુ કોઈ કારણોસર ટેન્ડર પ્રકીયા પડતી મુકાતા લાંબા સમયના અંતે પણ ફુડકોર્ટનો ઉપયોગ થઈ શકયો નથી.બીજીતરફ જાળવણીના અભાવે નિર્માણ કરાયેલી ફુડકોર્ટ ઉપયોગના અભાવે ખંડેર બનવા તરફ છે. સહેલાણીઓને કોઈ સુવિધા મળતી નથી જયારે ફુડકોર્ટના પૈસા પણ પાણીમાં ગયા હોવાનો આક્રોશ સેવાઈ રહયો છે.

## પંચમહાભુતમાં વિલીન

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને કેપ્ટન લરીસા વત્સલના પાર્થિવ દેહ સાથે અમદાવાદ આવી પહોંચ્યા હતા.

એરપોર્ટ પરની જરૂરી વિધિ બાદ પાર્થિવ શરીર સાથે પરિવારજનો ગાંધીનગરના સે. ૪ ખાતેના નિવાસસ્થાને આવી પહોંચ્યા હતા. સે. ૪-એ ખાતેનું સમગ્ર વાતાવરણમાં શોક વહેલી સવારથી જ પથરાઈ ગયો હતો.

વત્સલ ઉપાધ્યાય સિનીયર ફર્સ્ટ ઓફિસર તરીકે યુરોપીયન કોષ્ટલ એરવેઝ જે લુફથાન્સા એરવેઝની ફિડર કંપનીમાં ફરજ બજાવતો હતો. તા. ૨૬-૬-૧૫ના રોજ તેની ડ્યુટી પૂર્ણ કરી તે ટ્રેનીંગ ફલાઈટમાં પેસેન્જર તરીકે બેઠો હતો અને ટેઈક ઓફ થતાં જ વિમાન ટકરાઈને દુર્ઘટના પામ્યું હતું.

લુફથાન્સા એરવેઝના સિનીયર કેપ્ટન લરીસા જે વત્સલ સાથે અનેકવાર સફળ ઉડ્ડયન કરી ચુક્યા છે તે તેના પાર્થિવ શરીર અને એન્જલ સાથે અહિ આવ્યા છે. તેમણે મુક્તિધામ ખાતે અંતિમવિધિમાં પણ હાજરી આપી હતી.

ઉપાધ્યાય પરિવારે મુક્તિધામ ખાતે ઉપસ્થિત સૌનો પરિવારને આપેલ હૂંફ અને તાકાત માટે આભાર માન્યો હતો.

## અસહ્ય બફારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રથમ રાઉન્ડમાં ગાંધીનગર સહિત સમગ્ર રાજ્યમાં સારો એવો વરસાદ નોંધાયો હતો. ગયા અઠવાડિયે ગુજરાત પર છવાયેલી સિસ્ટમના પરિણામે સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદ પડ્યો હતો. જ્યારે ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાત વિસ્તારમાં ૨ થી ૫ ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. ગાંધીનગમરાં એક દિવસમાં ચારેક ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો જે પ્રમાણે આકાશમાં વાદળો ઘેરાયા હતા તે જોઈને લાગતુ હતુ કે ચાર-પાંચ દિવસ તો શહેરમાં સતત વરસાદ પડશે અને વાતાવરણમાં ઠંડક છવાઈ જશે. જો કે બીજા દિવસે જ ઉઘાડ નીકળવા માંડ્યો હતો. છેલ્લા ત્રણ-ચાર દિવસથી તો ખુબ આકરો તડકો પડે છે. સાથે જ વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઉંચુ રહેતા ખુબ બફારો અનુભવાય છે. પંખો બંધ હોય તો થોડીકવારમાં જ પરસેવે રેબઝેબ થઈ જવાય છે. તડકામાં ઘરની બહાર નીકળો તો મુંજારો થઈ જાય તેટલો બધો પરસેવો થાય છે. સાંજે પવન ફુંકાય તો થોડુ સારૂ લાગે છે. જો કે વરસાદ બાદ મચ્છરો અને અન્ય જીવજંતુઓનો ઉપદ્રવ વધી જતાં અગાસી કે આંગણામાં પણ માંડ બેસી શકાય છે.

વરસાદનો બીજો રાઉન્ડ ઝડપથી શરૂ થાય તેવી પ્રાર્થના ગાંધીનગરાઓ કરી રહ્યા છે. આજે મહત્તમ તાપમાન ૩૬.૨ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૮.૨ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૭૮ ટકા અને સાંજે ૫૨ ટકા રહ્યું હતું.

## બેંકની ચૂંટણીમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનુલક્ષી ઉમેદવારોનું આખરી ચિત્ર સ્પષ્ટ થઈ જશે. ગત બે ટર્મ દરમિયાન બિનહરિફ વિજેતા જાહેર થયા બાદ આ વખતે નાગરિક બેંકના હોદેદારોની ચુંટણીમાં કેવા સમીકરણો રચાશે તે મામલે પણ ચર્ચાએ જોર પકડયુ છે. આગામી તા ૧૨ જુલાઈના રોજ મતદાનની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. સેકટર ૧૬ની સરકારી માધ્યમિક શાળામાં મતદાનની પ્રક્રીયા હાથ ધરાશે. સભાસદે મતદાન કરતી વખતે બેન્કનું ફોટો આઈ ડી અથવા તો માન્ય ફોટો આઈ ડી પ્રુફ સાથે રાખવા પણ ચુંટણી અધિકારીએ જણાવ્યુ છે.

## સ્મરણિકાનું વિમોચન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઝૂંબેશને વધુ વેગવાન બનાવવા પર ભાર મૂકીને રાજયમાં આવેલા હેરીટેજ ગેસ્ટહાઉસોની જાળવણી અને મરામત માટે મેનેજરશ્રીઓને સૂચન કર્યુ હતું અને વીજળી, પાણીનો પણ કરકસર ભર્યો ઉપયોગ કરવા ભારપૂર્વક જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ યાદગાર સ્મરણિકા-૨૦૧૫ની પ્રકાશિત કરનાર ટીમને અભિનંદન આપીને એસોસીએશન ઉત્તરોત્તર પ્રગતિ કરીને રાજયના વિકાસમાં સહભાગી બનશે તેવી આશા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે માર્ગ-મકાન વિભાગના સચિવ શ્રી પી.એન.જૈને ગેસ્ટ હાઉસ મેનેજરોને અભિનંદન આપતાં કહયું કે, રાજયની ઓળખ ઉભી કરવામાં આપ સૌએ જે યોગદાન આપ્યું છે તેને વધુ બળવતર બનાવશો તેવી અભિલાષા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે એસોસીએશનના પૂર્વ પ્રમુખ શ્રી જે.વી.શાહે શાબ્દિક સ્વાગત કર્યું હતું અને આભારવિધિ શ્રી એચ.એન.જાડેજાએ કરી હતી.

આ પ્રસંગે મુખ્ય ઈજનેર સર્વશ્રી સંદીપ વસાવા, શ્રી એન.કે.પટેલ સહિત અધીક્ષક ઈજનેરશ્રીઓ, એસોસીએશનના પ્રમુખ શ્રી બિમલ શુકલ સહિત પૂર્વ પ્રમુખશ્રીઓ અને માર્ગ-મકાન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

**ટુંકી મુદતની નિવિદા**

આથી મહેસુલ તપાસણી કમિશનરશ્રીની કચેરી, ૧૧/૭, સરદાર ભવન, ગાંધીનગરની કચેરીના ઉપયોગ માટે ઓફીસ સ્ટેશનરી આઈટમો તેમજ પ્રિન્ટર કાર્ટીજ, કાર્ટીજ રીફીલીંગ / રીપેરીંગ માટેના કામ માટેના વેપારીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. જેના કોરા ટેન્ડર ફોર્મ માટે તા. ૧૦/૭/૨૦૧૫ સુધીમાં કચેરી સમય દરમિયાન રૂ. ૧૦૦/- રજૂ કર્યેથી નાયબ કલેક્ટરશ્રી, મહેસુલ તપાસણી કમિશનરશ્રીની કચેરી, ૧૧/૭, સરદાર ભવન, નવા સચિવાલય, ગાંધીનગર ખાતેથી મળી રહેશે. ટેન્ડર ફોર્મ ભરીને બંધ કવરમાં તા. ૩૦/૭/૨૦૧૫ સુધીમાં રજી. પોસ્ટ ટપાલથી મળે તે રીતે મોકલી આપવાના રહેશે. બંધ કવરો તા. ૧૦/૮/૨૦૧૫ના રોજ બપોરના ૧૫-૦૦ કલાકે નાયબ કલેકટરશ્રી (તપાસણી)ની ચેમ્બરમાં ખોલવામાં આવશે. જેની તમામ રસ ધરાવનારાઓએ નોંધ લેવી.

તા. ૨૯/૬/૨૦૧૫

સહી/-
નાયબ કલેક્ટર (તપાસણી)
ગાંધીનગર

માહિતી/૭૮૫/૨૦૧૫-૧૬